**સ્થાનિક સંવર્ગના કર્મચારીઓની ભરતી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અને જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ મારફતે કરવા બાબત..**

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: નપમ-૧૦૮૫-૪૨૩ - ક.૧ ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૨૫/ઓગષ્ટ,૧૯૮૫.

વંચાણમાં લીધા :

૧) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તારીખ: ૨૮-૫-૧૯૮૪નો પત્ર ક્રમાંક: નપમ - ૧૦૮૪- ૧૬૯૦/ ક. ૧.

૨) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનું તા: ૪-૫-૧૯૮૫ નું જાહેરનામું ક્રમાંક: કેપી /૧૫/૧૯૮૫/૧૦૮૩/ ૧૬૯૩ /૩/ ક. ૧.

૩) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનું જાહેરનામું ક્રમાંક: કેપી /૧૮/ ૧૯૮૫/નપમ/ ૧૦૮૪/ ૧૬૯૩/૪/ ક. ૧.

૪) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનું તા: ૪/૫/૧૯૮૫ નું જાહેરનામું ક્રમાંક: કેપી /૧૬/૧૯૮૫/નપમ/ ૧૦૮૪/ ૧૬૯૩/૭/ક. ૧.

૫) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનું તારીખ: ૪/૫/૧૯૮૫ નું જાહેરનામું ક્રમાંક: કેપી /૨૦/૧૯૮૫/ નપમ/ ૧૦૮૪/ ૧૬૯૩/ ૮/ક. ૧.

પ્રસ્તાવના :-

આમુખના ક્રમાંક: (૨) માં જણાવેલા જાહેરનામાથી ગ્રામ પંચાયતના મંત્રી સિવાયની ગ્રામ અને નગર પંચાયતની હેઠળની તમામ જગાઓનો સમાવેશ સ્થાનિક સંવર્ગમાં કરવામાં આવેલો છે. આમુખ ક્રમાંક: (૩) માં જણાવેલ જાહેરનામાથી આવી સ્થાનિક સંવર્ગની જગ્યાઓ ઉપર નિમણુંક આપવાના અધિકારો ગ્રામ તથા નગર પંચાયતોને આપવામાં આવેલા છે. આમુખના ક્રમાંક: (૪) માં જણાવેલા જાહેરનામાથી નગર પંચાયતના મુખ્ય અધિકારી નગર પંચાયતના સેક્રેટરી તેમજ સ્થાનિક સંવર્ગની હેડક્લાર્ક સીનીયર ક્લાર્ક, કેશીયર, સેનીટરી ઈન્સ્પેક્ટર તથા તબીબી અધિકારીની જગાઓ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના ક્ષેત્રાધિકારમાં મુકવામાં આવેલી છે. જ્યારે આમુખમાં ક્રમાંક: (૫) માં જણાવેલ જાહેરનામાથી સ્થાનિક સંવર્ગનો કંપાઉન્ડર સિવાયની બાકીની તમામ જગાઓ જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના ક્ષેત્રાધિકારમાં

..૨/-

મુકવામાં આવેલી છે.

૨. ગુજરાત પંચાયત ( સુધારા ) અધિનિયમ, [illegible] ગુજરાત પંચાયત અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યા બાદ પંચાયત સેવાને લગતા નિયમોમાં સુધારો કરવામાં આવ્યો તે અગાઉ સ્થાનિક સંવર્ગની જગાઓ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અથવા જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના ક્ષેત્રાધિકારમાં હતી. અને આ જગાઓ ઉપર સીધી ભરતીથી અથવા બઢતીથી નિમણુંક આપવા માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ (પરામર્શ) નિયમો, ૧૯૬૪ તથા ગુજરાત જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ(પરામર્શ) નિયમો, ૧૯૬૪ના નિયમ ૩ અને ૫ અનુસાર પસંદગી મંડળ અથવા જીલ્લા પસંદગી સમિતિનો પરામર્શ કરવો જરુરી હતો. પરંતુ આ અગાઉ ઉપર નિમણુંક કરવાના અધિકારો ગ્રામ/ નગર પંચાયતોને આપવામાં આવેલ હતો. તેથી ગ્રામ/ નગર પંચાયતોએ તેનું અર્થ ઘટન એવું કરેલ છે, આ અધિકારો તેમને હોવાથી પસંદગી મંડળ કે પસંદગી સમિતિનો પરામર્શ કર્યા સિવાય તેઓ આ જગ્યાઓ ઉપર નિમણુંક કરી શકે છે. અને આવા અર્થઘટન પ્રમાણે આ જગ્યાઓ ઉપર પસંદગી મંડળ કે પસંદગી સમિતિની પરામર્શ સિવાય નિમણુંકો કરવામાં આવેલી છે.

૩. હવે આવું ફરીથી બનવા ન પામે તે માટે જણાવવામાં આવે છે કે, — સ્થાનિક સંવર્ગની જે જગાઓ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના ક્ષેત્રાધિકારમાં છે તે જગાઓ સીધી ભરતી અથવા બઢતીથી ભરવા માટે સ્વયંસ્પષ્ટ દરખાસ્ત સબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે પસંદગી મંડળને કરવાની રહેશે. અને પસંદગી મંડળ તરફથી જે ઉમેદવારની ભલામણ કરવામાં આવે તેની નિમણુંક સબંધિત ગ્રામ/ નગર પંચાયતે કરવાની રહેશે. તેજ પ્રમાણે તે જગ્યાઓ જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના ક્ષેત્રાધિકારમાં છે તે જગાઓ ઉપર સીધી ભરતીથી અથવા બઢતીથી નિમણુંક આપવા માટેની દરખાસ્ત સબંધિત જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિને મોકલવાની રહેશે. અને પસંદગી સમિતિ તરફથી જે ઉમેદવારની ભલામણ કરવામાં આવે તેની નિમણુંક સબંધિત ગ્રામ/ નગર પંચાયતે કરવાની રહેશે. સીધી ભરતીની જગા માટે ગ્રામ નગર પંચાયતને ખાલી જગાઓની સંખ્યા તથા તે માટેની લઘુત્તમ લાયકાતની વિગતો પસંદગી મંડળ અથવા પસંદગી સમિતિને મોકલી આપવાની રહેશે. જ્યારે બઢતીથી જગા ભરવા માટે તે જગા માટેની લઘુત્તમ લાયકાતો, જેને બઢતી આપવાની હોય તે કર્મચારીનું નામ,

તેની લાયકાતો વિગેરે વિગતો મોકલી આપવાની રહેશે.

૪. જુની સુધરાઈમાંથી રુપાંતર પામેલી ગ્રામ પંચાયતોના મંત્રીઓની જગ્યાઓ બાબતમાં આમુખમાં દર્શાવેલા આ વિભાગ ના તારીખ: ૨૮-૫-૮૪ના પત્રમાં જણાવ્યા પ્રમાણે આ જગા જીલ્લા સંવર્ગની હોવાથી અને તે પર નિમણુંક કરવાના અધિકારો નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને હોવાથી રુપાંતરીત ગ્રામ પંચાયતોમાં ખાલી પડતી મંત્રીની જગ્યાઓ નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી તરફથી ભરવાની રહે છે.- અને ગ્રામ પંચાયતને તે જગાઓ ભરવાના અધિકારો નથી તે સ્પષ્ટ કરવામાં આવે છે. આથી રુપાંતરીત ગ્રામ પંચાયતોમાં સેક્રેટરીની જગા ખાલી પડે ત્યારે તેની જાણ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને કરવાની રહે છે.

૫. ઉપરની સુચનાઓ તમામ ગ્રામ તથા નગર પંચાયતોના ધ્યાન ઉપર તાત્કાલિક લાવવા તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીને વિનંતી કરવામાં આવે છે. તેમજ તેનું સુસ્તપણે પાલન થાય તે જોવા અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના આદેશથી અને તેમના નામે...

રમણ આર્ય
સેકશન અધિકારી,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ( ૫ નકલો )
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.(૫ નકલો)
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, એલ.ડી. એન્જી. કોલેજ કમ્પાઉન્ડ, નવરંગપુરા, અમદાવાદ ( ૫ નકલો ).
- તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- તમામ જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ.
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રી.
- પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તમામ શાખાઓ ( ક.૨ સિવાય
- સિલેકટ ફાઈલ.

એમ/સે.